# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે કહ્યું, "કેન્દ્રીય અંદાજપત્રથી સરકારની નહીં પણ લોકોની કમાણીમાં વધારો થયો."**
2. **પ્રયાગરાજના મહાકુંભ માટે રાજ્યમાં આવતીકાલથી શરૂ થનારી વધુ પાંચ નવી વૉલ્વો બસનું ઑનલાઈન બુકિંગ શરૂ.**
3. **જુનાગઢની આરોહણ અવરોહણ સ્પર્ધામાં પ્રથમ વખત ભાગ લેનારા ઉત્તરાખંડના દિગંબર સિંઘે વિક્રમ સર્જ્યો.**
4. **જામનગરમાં પ્રજ્ઞાચક્ષુઓ માટે યોજાયેલી ચેસ સ્પર્ધામાં રાજ્યભરના ખેલાડીઓએ ભાગ લીધો.**
5. **રાજ્યમાં આગામી 2 દિવસ લઘુત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નહીંવત્.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CR PATIL ON BUDGET

કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે જણાવ્યું કે, “આ વખતનું પહેલું કેન્દ્રીય અંદાજપત્ર એવું છે, જેમાં સરકારની નહીં પણ લોકોની કમાણીમાં વધારો થયો છે.” સુરતમાં ગઈકાલે પત્રકાર પરિષદ સંબોધતા તેમણે કહ્યું, “આ અંદાજપત્રથી ખેડૂતો અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમ- MSMEને લાભ થશે. ગત 10 વર્ષમાં દેશમાં આત્મનિર્ભરતા વધી હોવાનું પણ શ્રી પાટીલે ઉમેર્યું હતું.

## (બાઈટઃ સી.આર. પાટીલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી)

# MAHAKUMBH VOLVO BUS

પ્રયાગરાજના મહાકુંભ માટે રાજ્યમાં આવતીકાલથી વધુ પાંચ નવી વૉલ્વો બસ દોડાવાશે, જેનું ઑનલાઈન બૂકિંગ ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની વેબસાઈટ WWW.GSRTC.IN પર શરૂ થઈ ગયું છે.

સત્તાવાર યાદી મુજબ, આવતીકાલથી અમદાવાદ, વડોદરા અને રાજકોટથી એક-એક અને સુરતથી 2 નવી બસ શરૂ કરાશે. અમદાવાદથી પ્રતિ વ્યક્તિ 7 હજાર 800 રૂપિયા, સુરત અને વડોદરાથી 8 હજાર 300, તેમજ રાજકોટથી 8 હજાર 800 રૂપિયાનું પેકેજ રહેશે.

આ અંગે વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ માહિતી આપી.

## (1. બાઈટ – હર્ષ સંઘવી, વાહન વ્યવહાર મંત્રી)

વડોદરાના લોકસભા સાંસદ ડૉ. હેમાંગ જોષીએ પણ નવી બસ અંગે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપી.

**(2. બાઈટઃ ડૉ. હેમાંગ જોષી, લોકસભા સાંસદ, વડોદરા)**

## JUNAGADH AROHAN SPARDHA

જુનાગઢમાં ગઈકાલે યોજાયેલી 17મી અખિલ ભારતીય ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં પ્રથમ વખત ભાગ લેનારા ઉત્તરાખંડના દિગંબર સિંઘે વિક્રમ સર્જ્યો છે. તેઓ 53 મિનિટ 28 સેકન્ડમાં ગિરનાર પર્વતના અંબાજી સુધીના 5 હજાર 500 પગથિયાં ચઢીને ઉતર્યા હતા. સાથે જ તેમણે સિનિયર ભાઈઓની સ્પર્ધામાં પણ ટોચનું સ્થાન મેળવ્યું હતું. ખેલાડી દિગંબર સિંઘે પોતાની સિદ્ધિ બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં અગાઉ જુનાગઢના લાલા પરમારનો 55 મિનિટ 30 સેકન્ડમાં આ સ્પર્ધા પૂર્ણ કરવાનો વિક્રમ હતો.

## JAMNAGAR CHESS TOURNAMENT

જામનગરમાં પ્રજ્ઞાચક્ષુઓ માટે યોજાયેલી ચેસ સ્પર્ધામાં 80થી વધુ ખેલાડીએ ભાગ લીધો. અખિલ ગુજરાત નેત્રહીન ચેસ ટૂર્નામેન્ટમાં રાજ્યભરમાંથી આવેલા ખેલાડીઓ માટે વિશેષ પ્રકારનું ચેસ બૉર્ડ અને અલગ અલગ પ્યાદા તૈયાર કરાયા હતા. આ અંગે સ્પર્ધાના આયોજક પ્રૉફેસર પ્રકાશ મંકોડીએ માહિતી આપી હતી.

**(બાઈટ : ડૉ.પ્રકાશ મંકોડી, આયોજક, ચેસ ટૂર્નામેન્ટ)**

# DAANG ACCIDENT

ડાંગના સાપુતારામાં ગઇકાલે થયેલા માર્ગ અકસ્માતમાં બસના ડ્રાઈવર સહિત પાંચ લોકોના મોત નિપજ્યાં હતા અને 24 લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

મહારાષ્ટ્રના ત્ર્યંબકેશ્વરથી દ્વારકા આવી રહેલી શ્રદ્ધાળુઓની ખાનગી બસ સાપુતારા નજીક 35 ફૂટ ઊંડી ખીણમાં પડી જતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતની હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી હતી. જિલ્લા કલેકટરે પણ ઘટનાસ્થળની મુલાકાત લઈ પ્રવાસીઓ માટેની સુવિધાઓનો તાગ મેળવ્યો હતો.

# PORBANDAR BIRD COUNTING

પોરબંદર જિલ્લાના 19 જળપ્લાવિત વિસ્તારો ખાતે પક્ષી ગણતરીનો પ્રારંભ થયો છે, જે અંતર્ગત જિલ્લાના 7 વિસ્તારોમાં 20 હજારથી વધુ પક્ષી નોંધાયા છે.

બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ગુજરાત દ્વારા સૌરાષ્ટ્ર કેમિકલ્સ અને વન વિભાગના સહયોગથી આ  પક્ષી ગણતરીનો પ્રારંભ થયો છે. આ ગણતરીમાં સ્થાનિક  સહિત ગોઆ અને પશ્ચિમ બંગાળના 85 જેટલા પક્ષીવિદ્ જોડાયા છે.

આ અંગે  નિવૃત મુખ્ય વનસંરક્ષક ઉદય વોરાએ આ માહિતી આપી

**(બાઇટ : ઉદય વોરા, નિવૃત મુખ્ય વનસંરક્ષક )**

# SURENDRANAGAR HIGHWAY

સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 51ના લીંબડી-ધ્રાંગધ્રા વિભાગને એક હજાર કરોડ રૂપિયાથી પણ વધુના ખર્ચે ટૂ-લેન કરાશે, જેના કારણે વઢવાણના શિયાણીની પોળ ધોળીપોળ પરથી પસાર થતા ભારે વાહનો નવા રાજમાર્ગ પરથી સીધા જ લીંબડી ધ્રાંગધ્રા જઈ શકશે. એટલે લીંબડી ધ્રાંગધ્રાનો ટ્રાફિક હળવો થશે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ સોશિયલ મીડિયાના માધ્યમથી આ મંજૂરી અંગે જાહેરાતની માહિતી આપી હતી.

આ અંગે ધ્રાંગધ્રા-હળવદના વિધાનસભાના ધારાસભ્ય પ્રકાશ વરમોરાએ પ્રતિક્રિયા આપી હતી.

## (બાઈટઃ પ્રકાશ વરમોરા, ધારાસભ્ય, ધ્રાંગધ્રા-હળવદ)

# WEATHER

રાજ્યમાં આગામી 2 દિવસ લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય અને ત્યારબાદ 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવી શકે છે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે.

સત્તાવાર યાદી મુજબ, છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું નવ ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. જ્યારે અમદાવાદનું તાપમાન 12 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. તો જુનાગઢના કેશોદ, બનાસકાંઠાના ડીસા અને ગાંધીનગરમાં 11 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન રહ્યું છે. કચ્છના ભુજ, કંડલા હવાઈમથક, દીવ, મહુવા, પોરબંદરમાં 13 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

# HARSH SANGVI-E-BIKE

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સુરત પોલીસને 25 સેલ્ફ બેલેન્સિંગ ઈ-બાઈક અર્પણ કરાયા હતા. આ પ્રસંગે તેમણે કહ્યું કે, વિકટ પરિસ્થિતિમાં ભીડભાડવાળા સ્થળોએ આ ઈ-બાઈકની મદદથી પોલીસ સરળતાથી પહોંચી શકશે. એક ખાનગી કંપની દ્વારા સી.એસ.આર.ફંડના ભાગરૂપે પ્રોજેકટ ગ્રીન અંતર્ગત આ ઇ-બાઇક સુરત પોલીસને સોંપાઈ હતી.

# POLICE CRICKET –SURAT

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત ખાતે રાજ્ય પોલીસ દ્વારા આયોજિત 18મી ડીજીપી ટી-20 ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે આ ક્રિકેટ સ્પર્ધાથી સારા સ્વાસ્થ્ય, 'નો ડ્રગ્સ'નો સંદેશ અને રમતગમતના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવાના રાજ્ય પોલીસના પ્રયાસની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું પોલીસના જવાનો અને અધિકારીઓ સ્વાસ્થ્ય અંગે પૂરતી કાળજી રાખી રહ્યા છે. 31 વર્ષથી યોજાતી સ્પર્ધામાં આ વખતે 17 ટીમના 368 ખેલાડી ભાગ લઈ રહ્યા છે.